ક્રમાંક : માધ્ય/ક-૨/સુધારો/૨૦૨૦/૨૦૫૮
જિલ્લા શિક્ષણાધિકારી કચેરી,
ભાવનગર.
તા.: 03/02/2020

પ્રતિ,
આચાર્યશ્રી,
સરકારી/બિન સરકારી ગ્રાન્ટેડ/નોન ગ્રાન્ટેડ
માધ્યમિક / ઉચ્ચતર માધ્યમિક શાળાઓ તમામ,
જિ.ભાવનગર.

વિષય: શાળામાં અભ્યાસ કરતા વિદ્યાર્થીના નામ - અટક – પિતાનું નામ – જન્મ તારીખ – જન્મ સ્થળ જ્ઞાતિમાં સુધારા બાબત. (<u>ચાલુ શૈક્ષણિક વર્ષમાં અભ્યાસ કરતા ધો.૯ થી ૧૨ના વિદ્યાર્થી)</u>

સંદર્ભ: (૧)ગુજરાત મા. અને ઉ.મા. શિક્ષણ બોર્ડ ગાંધીનગરના તા.૩૦/૦૯/૨૦૧૯ના પત્ર ક્રમાંક: મઉમશબ/શાનિ/૫૯૫૩/૯૩
(૨)ગુજરાત મા. અને ઉ.મા. શિક્ષણ બોર્ડ ગાંધીનગરના તા.૩૧/૧૨/૨૦૧૯ના પત્ર ક્રમાંક: મઉમશબ/શાનિ/૯૯૪૪/૭૭

ઉપર્યુક્ત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે, શાળામાં અભ્યાસ કરતા ધો. ૯ થી ૧૨ના વિદ્યાર્થીના નામ/અટક/પિતાનું નામ/જન્મ તારીખ/જન્મસ્થળ/જ્ઞાતિ સુધારવા અંગે ગુજરાત મા. અને ઉ.મા શિક્ષણ બોર્ડ, ગાંધીનગરના ઉપર્યુક્ત સંદર્ભ દર્શિત પત્રોને ધ્યાને લેતા ગુજરાત માધ્યમિક શિક્ષણ વિનિયમ-૧૯૭૪ના વિનિયમ-૧૨(ક)(૬)અન્વયે બોર્ડના સંદર્ભપત્રોથી સ્પષ્ટતા કરવામાં આવેલ છે જે તમામ શાળાએ ધ્યાને લેવાની રહેશે.

વિદ્યાર્થી ખરેખર શાળામા ધોરણ. ૯ થી ૧૨ પૈકી કોઈપણ ધોરણમાં અભ્યાસ ચાલુ તેવા કિસ્સામાં શાળા છોડ્યાના પ્રમાણપત્રમાની નોંધોમાં ફેરફાર કરી શકાય છે વિદ્યાર્થીની નોંધોમાં ફેરફાર કરવા માટે નીચે જણાવેલા મુદ્દાઓને ધ્યાને લઈને વાલી પાસેથી લેખિત અરજી લઈને અત્રેની કચેરીએ દરખાસ્ત રજુ કરવાની રહેશે.

1. દરેક શાળાઓએ વિદ્યાર્થી દીઠ અલગ અલગ ફોરવર્ડીંગ સાથે અરજી અત્રે રજુ કરવાની રહેશે તથા દરેક ફોરવર્ડીંગમા નીચે મુજબના ટેબલમાં માહિતી ફરજીયાત આપવાની રહેશે

| ધોરણ | હાલના G.R. પ્રમાણે વિદ્યાર્થીનું પુરૂ નામ | શું સુધારવાનુ છે તેની વિગત | G.R. પ્રમાણેની વિગત | સુધારવાની થતી વિગત |
|---|---|---|---|---|
| | | | | |
| ધો.૧૧ અને ૧૨ના કિસ્સામાં તેની છેલ્લી શાળાનું નામ અને પુરૂ સરનામું | | | | |

Scanned by CamScanner

<u>ઉદાહરણ તરીકે:</u>

| ધોરણ | હાલના G.R. પ્રમાણે વિદ્યાર્થીનું પુરૂ નામ | શું સુધારવાનુ છે તેની વિગત | G.R. પ્રમાણેની વિગત | સુધારવાની થતી વિગત |
|---|---|---|---|---|
| ૧૧ | પઢિયાર ચેતનસિંહ જેસંગભાઈ | (૧) પિતાનું નામ<br>(૨) જન્મ તારીખ | (૧) જેસંગભાઈ<br>(૨) ૨૧/0૬/2003 | (૧) જેસંગસિંહ<br>(૨) ૨૧/0૯/૨003 |
| ધો.૧૧ અને ૧૨ના કિસ્સામાં તેની છેલ્લી શાળા(ધો.૧૦)નું નામ અને પુરૂ સરનામું | સરકારી માધ્યમિક શાળા, સેંદરડા, તા. મહુવા, જિ. ભાવનગર | | | |

2. વિદ્યાર્થીઓની દરખાસ્ત મોકલતી વખતે આ સાથે સામેલ ચેકલીસ્ટ મુજબ જરૂરી આધારો સહ દરખાસ્ત રજુ કરવી. તેમજ દરખાસ્ત સાથે <u>ચેકલીસ્ટના ક્રમ મુજબ જ આધારોની પ્રમાણિત નકલ રજુ કરી ચેકલીસ્ટમા નામ સામે ટીક કરી ચેકલીસ્ટ અરજી સાથે રજુ કરવાનું રહેશે</u>. ચેકલીસ્ટના ક્રમમાં આધારો રજુ કરેલ નહિ હોય તો દરખાસ્ત સ્વીકારવામાં આવશે નહિ જે ધ્યાને લેશો.
3. અસલ સોગંદનામાં સિવાયના બધાજ આધારો ખરી નકલ સાથે જ રજુ કરવાના રહેશે.

દરેક શાળાઓએ વિદ્યાર્થીઓની દરખાસ્ત મોકલતી વખતે ઉપર્યુક્ત બાબતો ધ્યાને લઇ જરૂરી આધારો સહ દરખાસ્ત રજુ કરવી જેથી પુર્તતાની ક્ષતિ રહેવા ન પામે. ધો.૧૦ અને ૧૨મા ચાલુ અભ્યાસ હોય તેવા વિદ્યાર્થીઓની સુધારા દરખાસ્ત જુલાઈ માસની આખર તારીખ સુધીમાં નિયમાનુસાર અત્રેની કચેરી ખાતે બિનચૂક રજુ કરવાની રહેશે.જો આ બાબતે ભવિષ્યમાં ઉપસ્થિત પ્રશ્નોની સઘળી જવાબદારી શાળાની રહેશે.

બિડાણ:(૧) સંદર્ભ દર્શિત પત્રો
(૨) નિયત ચેકલીસ્ટ

જિલ્લા શિક્ષણાધિકારી
ભાવનગર

Scanned by CamScanner

## **વિદ્યાર્થીના નામ /અટક /પિતાનું નામમા સુધારા માટેનું ચેકલીસ્ટ:-**

પાના નં.

| | | |
|---|---|---|
| ૦૧ | વિદ્યાર્થી દીઠ નમુના મુજબના ટેબલ સાથેનું શાળાનું ફોરવર્ડીંગ | |
| ૦૨ | વાલીનુ નામ/અટક/પીતાનું નામ/જન્મ તારીખ સુધારવા અંગેનું અરજી ફોર્મ(વાલી તથા આચાર્યની સહી સાથે) | |
| ૦૩ | વાલીનું મેજીસ્ટ્રેટ સમક્ષનું અસલ સોગંદનામું | |
| ૦૪ | વિદ્યાર્થીના અગાઉના એલ.સીની પ્રમાણિત નકલ | |
| ૦૫ | રેશનકાર્ડની પ્રમાણિત નકલ | |
| ૦૬ | વિદ્યાર્થીના જન્મનું પ્રમાણપત્ર/આધારકાર્ડની પ્રમાણિત નકલ | |
| ૦૭ | પિતાના પાનકાર્ડ/ચુંટણી કાર્ડ/આધારકાર્ડ/ડ્રાઈવિંગ લાઈસન્સની પ્રમાણિત નકલ(કોઈપણ બે) | |
| ૦૮ | દત્તકનામાની પ્રમાણિત નકલ. (લાગુ પડતા કેસમાં) | |
| ૦૯ | માતા પિતા છુટાછેડાનો આધાર. (લાગુ પડતા કેસમાં) | |
| ૧૦ | પુન: લગ્ન નો આધાર. (લાગુ પડતા કેસમાં) | |

## **વિદ્યાર્થીના જન્મ તારીખ સુધારા માટેનુ ચેકલીસ્ટ:-**

પાના નં.

| | | |
|---|---|---|
| ૦૧ | વિદ્યાર્થી દીઠ નમુના મુજબના ટેબલ સાથેનું શાળાનું ફોરવર્ડીંગ | |
| ૦૨ | વાલીનુ નામ/અટક/પીતાનું નામ/જન્મ તારીખ સુધારવા અંગેનું અરજી ફોર્મ(વાલી તથા આચાર્યની સહી સાથે) | |
| ૦૩ | વાલીનું મેજીસ્ટ્રેટ સમક્ષનું અસલ સોગંદનામું | |
| ૦૪ | વિદ્યાર્થીના અગાઉના એલ.સીની પ્રમાણિત નકલ | |
| ૦૫ | અસલ જન્મતારીખનો દાખલો (વિદ્યાર્થીની સાચી જન્મતારીખનો ઉલ્લેખ ફરજીયાત હોવો જોઈએ). | |
| ૦૬ | રેશનકાર્ડની પ્રમાણિત નકલ | |
| ૦૭ | વિદ્યાર્થીના તમામ ભાઈ અને બહેનના જન્મ તારીખના દાખલાની પ્રમાણિત નકલ | |
| ૦૮ | પિતાના પાનકાર્ડ/ચુંટણી કાર્ડ/આધારકાર્ડ/ડ્રાઈવિંગ લાઈસન્સની પ્રમાણિત નકલ(કોઈપણ બે) | |

આચાર્યની સહી

## <u>વિદ્યાર્થીના જ્ઞાતિ સુધારા માટેનુ ચેકલીસ્ટ:-</u>

પાના નં.

| | | |
|---|---|---|
| ૦૧ | વિદ્યાર્થી દીઠ નમુના મુજબના ટેબલ સાથેનું શાળાનું ફોરવર્ડીંગ | |
| ૦૨ | વાલીનુ નામ/અટક/પીતાનું નામ/જન્મ તારીખ સુધારવા અંગેનું અરજી ફોર્મ(વાલી તથા આચાર્યની સહી સાથે) | |
| ૦૩ | વાલીનું મેજીસ્ટ્રેટ સમક્ષનું અસલ સોગંદનામું | |
| ૦૪ | વિદ્યાર્થીના અગાઉના એલ.સીની પ્રમાણિત નકલ | |
| ૦૫ | રેશનકાર્ડની પ્રમાણિત નકલ | |
| ૦૬ | વિદ્યાર્થીના પિતા/ભાઈ/બહેનના જ્ઞાતિના દાખલાની પ્રમાણિત નકલ | |
| ૦૭ | વિદ્યાર્થીના પિતા/ભાઈ/બહેનના જ્ઞાતિના દાખલાની નકલ ન હોય તો કુટુંબના કોઈ સભ્યનો જ્ઞાતિનો દાખલો અને તેમનો વિદ્યાર્થી સાથે સબંધ દર્શાવતો પેઢી આંબો | |
| ૦૮ | વિદ્યાર્થીના પિતા/ભાઈ/બહેનના એલ.સી.ની પ્રમાણિત નકલ | |
| ૦૯ | પિતાના પાનકાર્ડ/ચુંટણી કાર્ડ/આધારકાર્ડ/ડ્રાઈવિંગ લાઈસન્સની પ્રમાણિત નકલ(કોઈપણ બે) | |
| ૧૦ | દત્તકનામાની પ્રમાણિત નકલ. (લાગુ પડતા કેસમાં) | |
| ૧૧ | માતા પિતા છુટાછેડાનો આધાર. (લાગુ પડતા કેસમાં) | |
| ૧૨ | પુન: લગ્ન નો આધાર. (લાગુ પડતા કેસમાં) | |

## <u>વિદ્યાર્થીના જન્મ સ્થળના સુધારા માટે:-</u>

પાના નં.

| | | |
|---|---|---|
| ૦૧ | વિદ્યાર્થી દીઠ નમુના મુજબના ટેબલ સાથેનું શાળાનું ફોરવર્ડીંગ | |
| ૦૨ | વાલીનુ નામ/અટક/પીતાનું નામ/જન્મ તારીખ સુધારવા અંગેનું અરજી ફોર્મ(વાલી તથા આચાર્યની સહી સાથે) | |
| ૦૩ | વાલીનું મેજીસ્ટ્રેટ સમક્ષનું અસલ સોગંદનામું | |
| ૦૪ | વિદ્યાર્થીના અગાઉના એલ.સીની પ્રમાણિત નકલ | |
| ૦૫ | વિદ્યાર્થીના જન્મતારીખના દાખલાની પ્રમાણિત નકલ | |
| ૦૬ | રેશનકાર્ડની પ્રમાણિત નકલ | |
| ૦૭ | પિતાના પાનકાર્ડ/ચુંટણી કાર્ડ/આધારકાર્ડ/ડ્રાઈવિંગ લાઈસન્સની પ્રમાણિત નકલ(કોઈપણ બે) | |

આચાર્યની સહી